RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પંગળો

Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૪ ● અંક : ૧૧ ● ૫ જુલાઈ-૨૦૧૮ ● વાર્ષિક લવાજમ રૂ.૫૦/- ● પાના - ૪

## હિંમત અને બહાદુરીનું પ્રતીક : હેલન કેલર

હેલન કેલર ૧૯ મહિનાની હતી ત્યાં જ તેને કોઈ ભેદી બીમારી લાગુ પડી. તેનાથી તેની જોવા-સાંભળવાની શક્તિ ચાલી ગઈ, પણ તે ખૂબ જ બુદ્ધિશાળી હતી. દરેક ચીજને સ્પર્શીને, સૂંઘીને અને ચાખીને કહી આપતી. હેલન કેલરને પ્રેરણા આપનારાં એન સુલિવન નામની શિક્ષિકા મળી. (૧૮૮૭) ત્યારે હેલન કેલરે કહ્યું કે આ દિવસ એ મારા ''આત્માનો જન્મ દિવસ'' હતો એટલા માટે કે મારી આ ટીચરે મને કહ્યું ''તારી અપૂર્ણતા વિશે ન વિચાર, તારી ખૂબીઓનું ગૌરવ લે તું અસાધારણ બુદ્ધિશાળી છે.''

હેલન કેલર માટે આ પ્રેરણા વાક્ય યાદગાર બન્યું. માનવીનું ચારિત્ર એમ ને એમ ફૂલની પથારીમાં ઘડાતું નથી. માનવીનું ચારિત્ર અનુભવો, કસોટીઓ અને પીડાઓથી ઘડાય છે, ત્યારે તેના આત્માને ''કલઈ'' મળે છે. મજબૂત થાય છે, તેના અંધાપા વિશે કોઈએ હેલન કેલરને ટકોર કરી ત્યારે હેલન કેલરે કહ્યું કે, ''મારા માટે કુદરતે આપેલો અંધાપો સારો છે, પણ બે આંખે દેખતા હોવા છતાં માનવીના જીવનમાં કોઈ દૃષ્ટિકોણ ન હોય તો ?''

હેલન કેલર કહેતી કે સુરક્ષા તમારો દંભ છે, વહેમ છે. જિંદગી તમારા વશની વાત નથી. કુદરતમાં સિક્યોરિટી જેવું કંઈ નથી. તમે ખતરાથી જેટલા દૂર રહેવા માટે પ્રયત્ન કરો એટલો જ ખતરો તમને ડરાવવાની કોશિશ કરે છે. લાઈફ ઈઝ આઈધર અ ડેરિંગ એડવેન્ચર ઓર નથિંગ. સાહસ વગરની જિંદગી કંઈ નથી. મારી પોતાની પેરેલિસિસની ખામીને હેલન કેલરે પ્રેરણા આપી છે. અમારા બધાના યુવાનકાળ વખતે એટલે કે ૧ જુન ૧૯૬૮ના હેલન કેલરનું મૃત્યુ થયું હતું. (જન્મ ૨૭-૬-૧૮૮૦).

હેલન કેલર અમેરિકાની પ્રથમ બહેરી-પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ હતી, જેણે યુનિવર્સિટીની બેચલર ડિગ્રી મેળવી હતી. તેમના વિશે ''મિરેકલ વર્કર'' નામની ફિલ્મ ઉતરેલી. અમેરિકાના અલબામા ગામે આજે હેલન કેલરનું મ્યુઝિયમ પણ છે. તેના જન્મ દિવસને તે વખતના અમેરિકન પ્રમુખ જિમી કાર્ટરના સૂચનથી ''હેલન કેલર ડે'' તરીકે ઉજવાય છે એક અંધ છોકરી ભણીગણીને પાછી તેની કોલેજમાં લેક્ચરર પણ બને છે ! પ્રમુખ કેનેડી તેમને ''સિમ્બોલ ઑફ કરેજ- હિંમત અને બહાદુરીનાં પ્રતીક'' કહેતા. તેમની મહાનતા એ છે કે તેમણે અંધાપાને જીવનની મર્યાદા ગણવાના બદલે સતત બીજાને મદદ કરવા અને પ્રેરણા આપવા તત્પર રહેતી. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાત કરી હતી. હેલન કેલરનાં શિક્ષિકા એન સુલિવન સાથેના તેના ફોટાવાળી પોસ્ટલ સ્ટેમ્પ ભારતમાં બહાર પડી હતી.

હેલન કેલર કહે છે કે મને દુનિયામાં સૌથી વધુ પ્રેમ અને આદર મળ્યા હોય તો તે ભારતમાં મળ્યા છે. મુંબઈમાં વાશી ખાતે ૧૯૭૩માં હેલન કેલરના નામની બહેરા-મૂંગાની સ્કૂલ સ્થાપવા વિશાળ જમીન પણ મળી હતી. આદિત્ય બીરલા સેન્ટરમાં હેલન કેલર ઈન્સ્ટિટ્યુટ ઑફ ડેફ એન્ડ બ્લાઈંડ સ્થપાઈ હતી. જર્મનીના દાનવીર ક્રિસ્ટોફેલ અને બ્રિટનના રોડની ક્લાર્કે ભારતમાં સેવા આપી હતી. આ સેન્ટરમાં અંધ, બહેરા બાળકોને જ્વેલરી બનાવતાં, મીણબત્તી, કાગળની થેલીઓ, સાબુ અને વિવિધ છોડ કેમ ઊછેરવા તે શીખવાતું હતું. ૨૦૦૨થી બાળકોને કોમ્પ્યુટરની તાલીમ અપાય છે.

આફ્રિકન લોકો ભાગ્યશાળી હતા કે અમુક જગ્યાએ ભરપૂર લીલી હરિયાળી હતી તો અમુક જગ્યાએ રણ હતું. તે હકીકત મલ્કિમ નામના ફિલોસોફરે એવી રીતે વર્ણવી કે તમે મુગ્ધ થઈ જાઓ. ''અરે અહીં સૂકી ધરતી છે, પણ હેવનલી-વેજિટેટેડ છે. વિશ્વના કેટલાંક જંગલોમાં ખૂબ ઝાડી ઉગે છે, પણ સારા દિલના માણસો ઉગતા નથી. આ રણપ્રદેશમાં સારા દિલવાળા અને ટાઢ, તડકો કે ધરતીકંપ બધુ સહન કરીને લોકો જીવે છે.''

આપણે હેલન કેલરની વાત પૂરી કરીએ તેની પ્રજ્ઞાચક્ષુતા અને બહેરાશને એક બાજુએ મૂકીને ગ્રેજ્યુએટ થઈને હેલન કેલર સોશ્યલિસ્ટ પાર્ટી ઑફ અમેરિકાનાં સભ્ય થઈ ગયાં અને સ્ત્રી મતાધિકાર માટે આંદોલન ઉપાડ્યું, કામદારોના હક્ક માંગ્યા. હેલન કેલરને તેની માતાએ કહ્યું કે ''બેટી તને એકલીને પરમાત્માએ આ ઊણપમાં જીવવાની સુવર્ણ અવસર નથી આપ્યો, અગાઉ લોરા બ્રિજમેન નામની અમેરિકન યુવતી હતી. તેણે આખી જિંદગી તેની શારીરિક ખામીઓ સાથે ગાળીને બીજાની સેવા કરી હતી.'' અરે પરદેશની શું વાત કરો છો ? આશિષ ઝા તેની શારીરિક ખોડથી ગભરાયા વગર આઈ.ટી. સિક્યોરિટી સ્પેશિયલિસ્ટ બન્યો હતો. કાજલ ધવન નામની યુવતી તેની શારીરિક ખોડ સાથે ઈન્ટરનેશનલ ડિવિઝન, કોનફેડરેશન ઑફ ઈન્ડસ્ટ્રીની ઊંચી પગારદાર બની હતી. તેણે મા-બાપને રાખ્યાં.

મને ઘણા પૂછે છે કે હું પેરેલિસિસ સાથે કેમ એકલા જ કોઈની સહાય વગર જીવો છે ? મેં કહ્યું ''આશા અમર છે, કોઈ દિવસ પેરેલિસિસનો ઈલાજ થશે.'' લંડનના ડેઈલી ટેલિગ્રાફના સાયન્સ લેખક સેરા નેપ્ટન કહે છે કે હવે ''સ્ટેમ સેલ્સ'' શોધાઈ ચૂક્યા છે, જે ઊણપવાળા માનવીના કોષોમાં જે ખામી હશે તે પૂરી કરશે. મને આશા છે કે મારા પેરેલિસિસને તેની દવા ભગાડશે. અગર મારા આશાવાદથી પેરેલિસિસ આજે જ ભાગેલો તો છે જ. આજે જગતમાં ૭ લાખ લોકો તેના વાંક ગુના વગર અંધાપાને વરેલા છે, તો હું તો ભાગ્યશાળી છું કે રોજ આંખ ઉપર ઠંડા પોતાં મૂકીને હું ૮૬ની ઉંમરે મોતિયા વગર જીવું છું. લે : કાન્તિ ભટ્ટ (દિવ્ય ભાસ્કર)

## વિકલાંગ યુનિવર્સલ આઈડી કાર્ડ

યૂડીઆઈડી પ્રોજેક્ટ અંતર્ગત વિકલાંગ યુનિવર્સલ આઈડી કાર્ડ આ રીતે મેળવી શકે છે.

● www.swavlambancard.gov.in વેબપેજ પર જવું.

● વેબપેજની ડાબી બાજુ Apply for Disability Certificate & UDID Card પર ક્લીક કરવું.

● એક ફોર્મ ખુલશે, જેમાં વિગતો ભરી અરજદારનો ફોટો તથા સહી અપલોડ કરવી.

● વેરીફિકેશન બાદ જરૂરી લાગે તો અરજદારને સિવિલ બોલાવી ચકાસણી હાથ ધરાશે.

● પોસ્ટ દ્વારા અરજદારે ફોર્મમાં આપેલા સરનામે યૂડીઆઈડી કાર્ડ મોકલી આપવામાં આવશે.

● વધુ માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કરશો.

## તંત્રી સ્થાનેથી....

પ્રિય વાંચકો મિત્રો....

"વિકલાંગ મિત્ર"ની નવી સાઈઝ, પ્રિન્ટીંગ અને કાગળ બધાને ગમ્યા તે અંગે ફોન અને પત્રો દ્વારા જાણ કરનાર તમામના અમે અત્યંત આભારી છીએ. મિત્રો અંક આપને મળે એટલે વાંચી બીજાને વાંચવા આપી તથા લવાજમ ન ભર્યું હોય તો આપને અનુકુળ હોય એ રીતે મોકલી સહકાર આપવા વિનંતી છે. આપના કિંમતી સલાહ-સૂચન અને માર્ગદર્શન આવકાર્ય છે. સંસ્થાઓને જણાવવાનું કે કાર્યક્રમ અને અન્ય સમાચારો ટૂંકા અને સચોટ મોકલવા વિનંતી છે.

નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે. મારા દિવ્યાંગ વિદ્યાર્થી મિત્રોને અપીલ છે કે સાચા દિલથી અભ્યાસમાં જોડાઈ જાઓ. હે મારા દિવ્યાંગ મિત્રો આપણા માટે અભ્યાસ એ જ એક હથિયાર છે, જેના વડે આ જિંદગીરૂપી યુધ્ધ લડવાનું છે. જો જો મારા મિત્રો પીછેહઠ કરતા, નાસીપાસ થયા વિના સાચી લગન અને સાચી દિશામાં મહેનત કરી સફળતા મેળવો એવી હાર્દિક શુભકામનાઓ પાઠવું છે.

દિવ્યાંગોની પ્રેરણાસ્રોત હેલન કેલરની પચાસમી પુણ્યતિથિએ તેમને યાદ કરીએ. તેમનો વિશેષ લેખ કાન્તિભાઈ ભટ્ટની કલમે લખાયેલ પ્રથમ પેજ ઉપર છે. કલગી રાવલ (પ્રજ્ઞાચક્ષુ) દ્વારા દિવ્યાંગોને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ દિવ્યાંગ જગત માટે પ્રેરણારૂપ છે. કલગી રાવલને અભિનંદન. દિવ્યાંગ રમતવીરોને ખેલ પ્રતિભા પુરસ્કાર રાજ્યપાલશ્રીના વરદ હસ્તે એનાયત થયા, તે દિવ્યાંગોને પણ અભિનંદન. દિવ્યાંગ મહિલા પર્વતારોહક પદ્મશ્રી અરૂણિમા સિન્હા દ્વારા લખાયેલ પુસ્તકનું ગુજરાતીમાં "વિકાસનું એવરેસ્ટ" રૂપે અવતરણ થયું જે દિવ્યાંગ જગત માટે સુંદર પ્રયાસ છે. અનુવાદકશ્રી સુધાબેન મહેતા તથા પ્રકાશકશ્રી મનુભાઈ શાહ ગુર્જર પ્રકાશનને ખૂબ ખૂબ અભિનંદન. ભાવનગર ખાતે પ્રજ્ઞાચક્ષુ લાભુભાઈ સોનાણી દિવ્યાંગોની સેવા પ્રવૃત્તિઓ કરે છે, તેમની સ્મરણયાત્રા "જીવનના ધબકાર"ના નામે પ્રકાશિત થયેલ છે. આ વિશેનો શ્રી રઘુવીર ચૌધરીનો લેખ આ અંકમાં પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ અંકના સ્પોન્સર અગ્રણી મહિલા સાહિત્યકારો આશા-વિરેન્દ્ર તથા બકુલા ઘાસવાલા, વલસાડ છે. બંને બેનોનો આભાર.

આમ મિત્રો દિવ્યાંગોના સમગ્ર વિકાસમાં આપણે સતત પ્રયત્નશીલ રહીએ એવી શુભકામનાઓ સાથે આવતા મહિને મળવાની તમન્ના સાથે અલવિદા...!

### પૂર્ણ વિરામ...

**કષ્ટ અને આફત મનુષ્યને શિક્ષા આપનાર શ્રેષ્ઠ ગુણ છે. જે સાહસ સાથે તેનો સામનો કરે છે. તેઓ વિજયી બને છે.**

**- લોકમાન્ય તિલક**

## કૃત્રિમ અંગ : માર્ગદર્શન

વિકલાંગોને કૃત્રિમ અંગો પૂરા પાડવાનું સરાહનીય કાર્ય વેદાંતમ મૂર્તિ કરી રહેલ છે. પોતે અકસ્માતમાં બંને પગ ગુમાવી દેતા ખૂબ ખર્ચાળ સારવાર પૂણે હોસ્પિટલમાં લીધી હતી. હાલ કૃત્રિમ પગ દ્વારા તેઓ વ્હીકલ પણ ચલાવી શકે છે. પોતાની વેદનાના અર્વિભાવરૂપે તેમણે "કૃત્રિમ અંગ કેન્દ્ર" ડૉ. સરમા.ના સહયોગથી શરૂ કરેલ છે. જરૂરતમંદ વિકલાંગોએ સલાહ-સૂચન, માર્ગદર્શન માટે વેદાંતમ મૂર્તિ, કૃત્રિમ અંગ કેન્દ્ર, પાલાકોલ પો.ઓ., જિ. પશ્ચિમ ગોદાવરી, આંધ્રપ્રદેશ સંપર્ક કરી શકે છે. તેમની વેબ સાઈટ ability@abilityfoundation.org થી વિશેષ માહિતી મેળવી શકશે.

## પ્રજ્ઞાચક્ષુનો પુરુષાર્થ : "જીવનના ધબકાર"

આલેખન : રઘુવીર ચૌધરી

લાભુભાઈ ટપુભાઈ સોનાણીની સ્મરણયાત્રા "જીવનના ધબકાર" વાંચતા એક પ્રજ્ઞાચક્ષુના અવિરત પુરૂષાર્થ વિશે જાણીને અહોભાવ જાગ્યો. સાડા ત્રણ વર્ષની ઉંમરે ટાઈફોઈડની બીમારીમાં આંખો ગુમાવી, ડૉક્ટરે કહેલું, ઘેર લઈ જાઓ, એક દિવસ જીવશે. પણ રસ્તામાં બાળકે કેળું ખાવાની ઈચ્છા દાખવી. બે કેળાં ખાધાં, કેળાંના ખોરાકે જીવતદાન આપ્યું. લાભુભાઈની સાડાચાર વર્ષની વયે માતા વિદેહ થયાં. પિતાએ એમના વ્યવસાય-નોકરી, સમાજસેવા સાથે પુત્રની સંભાળ લીધી.

આ સ્મરણયાત્રામાં લેખકે અનેકના ઉપકાર યાદ કર્યા છે. પણ પિતાશ્રી ટપુભાઈની સમાજસેવા અને નિર્ભય નેતૃત્વના જે પ્રસંગો આલેખ્યા છે એ વાંચતાં એ જમાનો પ્રત્યક્ષ થાય છે. એક સંનિષ્ઠ કૉંગ્રેસી તરીકે ટપુભાઈ ભાવનગર વિસ્તારમાં કામ કરતા રહ્યા. આ કર્મઠતા, સંગઠનશક્તિ અને અન્યાયનો પ્રતિકાર કરવાની ક્ષમતા લાભુભાઈને વારસામાં મળી છે એમ કહેવું જ રહે.

આ પુસ્તકના પ્રકાશનનું ઉમદા કાર્ય કરનાર સુરેશભાઈ લેખકનો વિસ્તૃત પરિચય આપીને અંતે એક મહત્ત્વના મુદ્દા પર ભાર મુકે છે, "લાભુભાઈએ ક્યારેય પોતાની આંખ ગુમાવ્યાનો અફસોસ કર્યો નથી, પોતાની આ વ્યથા-કથાને હળવી રમૂજ સાથે કહેતા હોય છે કે ટાઈફોઈડમાં મારી આંખ બચી ગઈ હોત તો હું આજે નાનો મોટો હીરાનો વેપારી હોત, જીવનમાં વિશેષ કંઈ કરી શક્યો ન હોત."

સાચા માર્ગ પર કેમ ચાલવું એની પ્રેરણા આ પુસ્તક આપે છે, એ ખાતરીથી સુરેશભાઈએ આ પુસ્તકની પાંચ હજાર નકલ છાપી છે. બસો પૃષ્ઠના આ પુસ્તકની કિંમત માત્ર સો રૂપિયા. પ્રાપ્તિસ્થાન છે રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર શાખા,અંધ ઉદ્યોગશાળા, વિદ્યાનગર, ભાવનગર.

આત્મકથાના લેખક પત્નિ અને પરિવાર પ્રત્યે વાત કરતાં લાગણીશીલ થઈ જાય, પરંતુ લાભુભાઈએ એમના પ્રજ્ઞાચક્ષુ ધર્મપત્નિ શિક્ષિકા નીલાબહેન અને સુપુત્રી નિષ્ઠાનો આભાર માન્યો છે. મને તો લાભુભાઈની જન્મતારીખ પણ ન જડી. પચાસેક વર્ષના તો હશે જ. જોકે કામ એક સદી જેટલું કર્યું છે. પોતાના વિકાસ સાથે અન્યને થતા અન્યાય સામે પણ એ લડ્યા છે. આંદોલન દરમિયાન એમણે દૂરસુદૂરના પ્રવાસો ખેડ્યા છે. પ્રકરણ-૧૨ "કાનૂન ધકેલાયો હાંસિયામાં" અંતર્ગત એમણે

(અનુસંધાન પા.નં. ૩ ઉપર)

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...

VALAJI MASALA



All items are available Pack in Rs. 5/-, Rs. 10/-, Rs.15/-
100gm, 200gm, 500gm, 1kg and 5kg.

Mfg by : Pride Exim Pvt. Ltd.
153 / 154 G.I.D.C., Ranasan, Ta: Vijapur, Dist Mehsana
Email: prideeximpvtltd@gmail.com, valajimasala@gmail.com
Web: www.prideexim.com, Mo: 9904432412

વિગતે વાત કરી છે. ''અંધજનો શિક્ષણને બાધક છે.'' એવા પરિપત્રના વિરોધથી માંડીને છૂટા કરાયેલાંને નોકરી પર સાતત્ય સાથે પાછા લેવાની લડત લાભુભાઈએ પાર પાડી છે. બેટરી ચાર્જ કરવામાં મદદ કરવાના બહાને લઈ લેવામાં આવેલો મોબાઈલ એક રૂમમાં મૂકીને તાળું મારવામાં આવ્યું હતું. લાભુભાઈના શબ્દોમાં -''મેં ભારે ધમાલ કરી, મોડી રાત્રિના મને મોબાઈલ આપવામાં આવ્યો. મિસકોલ ચકાસી મેં પરિવારના સભ્યો સાથે વાત કરી. મારી દીકરી નિષ્ઠા મારો અવાજ સાંભળી ખુશ થઈ ગઈ,''(પૃ.૮૯)

અહીં નોંધવું જોઈએ કે લાભુભાઈ ઉજ્જવલ શૈક્ષણિક કારકિર્દી ધરાવવા સાથે સંગીત વિશારદ પણ થયેલા છે. પ્રજ્ઞાચક્ષુ સંગીત શિક્ષક તરીકે સેવાઓ આપી શકે છે એ દિશાનો નિર્દેશ પણ એમનો હતો.

અહીં મોબાઈલ પડાવી લેનાર પોલીસ સામે એમનો વાંધો પાયાનો પ્રશ્ન ઊભો કરે છે. ''ગુનેગારને આ રીતે શિક્ષા કરવામાં આવે તે સમજી શકાય તેવી વાત છે, પરંતુ લોકશાહી દેશમાં લોકો માટે ન્યાય અપાવવા લોકશાહીના હિમાયતી માટે આટલા ક્રૂર મનસ્વી વલણને કોઈ સ્થાન ન હોઈ શકે, છતાં પોલીસ સ્ટેશનમાં મારી સારસંભાળ ખૂબ સારી રાખવામાં આવી હતી, તેની હું કદર કરું છું.''

સંસ્મરણો સાથે લાભુભાઈ જીવ-જગત-ઈશ્વર વિશે પણ વિચાર કરતા રહ્યા છે. ઈશ્વરે મનુષ્યને કંઈક વિશેષ આપ્યું છે તો એનો વ્યાજ સામે બદલો આપવો ઘટે. આનાથી ઉલટું વર્તન કરનાર પ્રત્યે લાભુભાઈ નારાજગી પણ દર્શાવે છે. ''બેંકોનું ઉઠમણું કરી મૂકે તેવા વિજય માલ્યા જેવા ઋણ લેનાર માનવીઓ છે, તે જ પ્રમાણે આ સૃષ્ટિનું ઉઠમણું કરી મૂકે તેવા ક્રૂર સત્તાધીશો પણ સત્તાના સિંહાસન પર બેઠા છે. જ્યાં સુધી આવા લોકોનું વર્ચસ્વ સૃષ્ટિ પર બળવત્તર હશે ત્યાં સુધી ઈશ્વરનું ઋણ ચૂકવનાર વિકલાંગોને સહન કરવું જ પડશે.''(પૃ.૧૦૩) પ્રવાસો, વિકલાંગ દિવસની ભવ્ય ઉજવણી જેવા પ્રકરણોમાં વર્ણનશક્તિ ધ્યાન ખેંચે છે.

આઈટીની આ સદીમાં કમ્પ્યુટરના ઉપયોગમાં દૃષ્ટિની કોઈ મર્યાદા નડતી નથી. આ વિગત પણ લેખકે સ્પષ્ટ કરી છે. ક્યાંક ક્યાંક કાવ્યાત્મક પંક્તિઓ દ્વારા મનસૂબા વ્યક્ત કર્યા છે. પોતાના સેવાક્ષેત્રને એ પાઠશાળા તરીકે ઓળખાવે છે.

પંડિત સુખલાલજીનો મને નજીકનો પરિચય હતો. એમની આત્મકથા માનવ ઊર્જાના ઉન્મતની પ્રેરણા આપે છે. આંખો ન હતી પણ કેટલું બધું એમની સંવેદનામાં ઝિલાતું રહેતું ! એમણે કરેલું ચાંદનીનું વર્ણન મૃદુલા મહેતાએ નોંધેલું છે. આંખ કામ ન કરતી હોય ત્યારે સમગ્ર અસ્તિત્વ દૃષ્ટિવંત બને છે. લાભુભાઈ જ્ઞાન અને કર્મના ઉપાસક છે. એમનો ઉત્તરાર્ધ વધુ સમૃદ્ધ નીવડે એવી શુભેચ્છા. ●

## તસ્વીર બોલે છે...!




પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. એક અંકના સ્પોન્સરની રકમ રૂા. ૨૦૦૦/- છે. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર- Viklang Mitra"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, વિજાપુર શાખાના ખાતા નંબર **448201010032029** , **IFCS CODE- UBIN0544825, CUST.ID-14871011**માં જમા કરાવી આપનું નામ-સરનામું સાથે મોકલવા વિનંતી છે.

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**
**મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨**
**viklangmitra@yahoo.com**
**viklangmitra@gmail.com**
**www.viklangmitra.org**

હૃ''વિકલાંગ મિત્ર''ને હાર્દિક શુભેચ્છા સહ...



## સમાચાર - દર્પણ

● પ્રથમ મહિલા દિવ્યાંગ પર્વતારોહક પદ્મશ્રી અરૂણિમા સિન્હાએ આત્મકથાનક સમુ પુસ્તક ''Born Again On The Mountain'' લખ્યું છે. અંગ્રેજી ભાષામાં લખાયેલ આ પુસ્તકનો સુધાબેન મહેતાએ ગુજરાત ભાષામાં ''વિકાસનું એવરેસ્ટ'' વિષય સાથે અનુવાદ કર્યો છે. ગુર્જર પ્રકાશને આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ રાજભવન, ગાંધીનગર ખાતે લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગાંધીનગર સમાચાર તંત્રી કૃષ્ણકાન્ત જહાં, રામકૃષ્ણ આશ્રમ રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી, ગુર્જર પ્રકાશનના મનુભાઈ શાહ, અનુવાદક સુધાબેન મહેતા, પદ્મશ્રી અરૂણિમા સિન્હા તથા વરિષ્ઠ સાહિત્કારો તથા નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

● ગુજરાત સ્પોર્ટસ ઓથોરિટી, ગાંધીનગર દ્વારા દિવ્યાંગ ખેલાડીઓને ખેલ પ્રતિભા પુરસ્કાર આપવાની યોજના છે. આ યોજના અંતર્ગત રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીના વરદ હસ્તે સાઈની ગોમ્સ (ટેબલ ટેનિસ-બધિર)ને રૂ. ૪,૯૫,૦૦૦, જગદીશજી વશરામજી ઠાકોર (પેરા એથ્લેટિક્સ)ને રૂ. ૪ લાખ, કવિ સવદાસ ચાવડા (પેરા એથ્લેટિક્સ)ને રૂ. ૪ લાખ તથા પૂરીબેન ઠાકોર (બ્લાઈન્ડ એથ્લેટિક્સ), ઉષા ઠાકોર (પેરા ટેબલ ટેનિસ), ભારતી સૂંઢિયા (પેરા ટેબલ ટેનિસ),સુદ રોહિત (સ્પેશિયલ સ્વીમીંગ), અબ્દુલ રઝાક ( સ્પે. એથ્લેટિક્સ) અને નિકીતા વણસોલા (બ્લાઈન્ડ એથ્લેટિક્સ)ને દિવ્યાંગ ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરાયા છે. વિકલાંગ મિત્ર પરિવાર તરફથી વિજેતાઓને અભિનંદન.

● ગુજરાત સરકારે દિવ્યાંગોને ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ આપવાનું નક્કી કરેલ છે. દિવ્યાંગોને પરદેશમાં વાહન ચલાવવાનો અધિકાર મળશે. દિવ્યાંગોએ વાહનમાં આંતરારાષ્ટ્રીય નિયમ પ્રમાણે થોડો ફેરફાર કરવો પડશે.

● કલગી ફાઈન્ડેશન, અમદાવાદ દ્વારા રમત-ગમત, શિક્ષણ, ગીત-સંગીત, ડાન્સ સહિતના ક્ષેત્રોમાં નામના મેળવનારા રાજ્યના ૩૦ દિવ્યાંગોને ''દિવ્યાંગ રત્ન એવોર્ડ'' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે મેયર ગૌતમ શાહ, ગુ. યુનિ.ના કુલપતિ હિમાંશુ પંડ્યા હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગાયક કિંજલ દવે, રાજલ બારોટ, જીજ્ઞેશ કવિરાજ હસ્તે દિવ્યાંગોને એવોર્ડ એનાયત કરાયા હતા. વિકલાંગ મિત્ર પરિવાર તરફથી એવોર્ડ વિજેતાઓને અભિનંદન.

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાઈ ગયો. જેમાં શિક્ષણ વિભાગના કિરણબેન પટેલ તથા અધિકારીશ્રીઓ તથા દાતાશ્રી સંજીવભાઈ શ્રોફ (જે.કે. સિમેન્ટ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● સુકૃત ગ્રૂપ પાલડી અમદાવાદ દ્વારા સરખેજમાં આવેલી ચિન્મય શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રૂપનાં યુવાનોએ બાળકો સાથે વિવિધ રમતો રમી હતી, તેમની સાથે કેક કાપી હતી અને ત્યારબાદ સમૂહભોજનનો આનંદ પણ માણ્યો હતો.

● દિવ્યાંગજનોમાં રહેલી સર્જકતાને પ્લેટફોર્મ આપવાની સાથે સમાજમાં તેમના અવાજને પહોંચાડવાના હેતુથી સદવિચાર પરિવાર અને દર્શુ કેર પબ્લિક ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દિવ્યાંગોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

● અંધજન મંડળ, અમદાવાદમાં બધિર લોકો માટે સેન્સ ઈન્ડિયા દ્વારા ૧૨ કિમી સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીનો ઉદ્દેશ બધિર લોકો પ્રત્યે જાગૃકતા અને સંવેદનશીલતા ફેલાય તે માટેનો હતો.

● જાયન્ટસ ગ્રુપ ઑફ અમદાવાદ નોર્થ દ્વારા અપંગ માનવ મંડળ અમદાવાદમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૭૦૦ નંગ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● વિશ્વ યોગ દિન નિમિત્તે મંગલ પ્રભાત ટ્રસ્ટ સંચાલિત ''પ્રેરણા'' મંદબુદ્ધિ બાળકોની શાળા, અમદાવાદમાં યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહ સાથે યોગાસનો કર્યા હતા.

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરમાં વિશ્વ યોગ દિનની ઉજવણી ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. દિવ્યાંગ કન્યાઓ તથા સ્ટાફે ભાગ લીધો હતો.

● અંધ કન્યા પ્રકાશ ગૃહ, મેમનગર અમદાવાદ ખાતે વિશ્વ યોગ દિનની ઉજવણીના અનુસંધાનમાં અંધ કન્યાઓ દ્વારા યોગ કરવામાં આવ્યા હતા.

● ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ, સુરત દ્વારા પ્રથમ વખત ''દીપ''નામનું અનોખું એક્ઝીબીશન થવા જઈ રહ્યું છે. આ એક્ઝીબીશનમાં દિવ્યાંગો પોતે કોઈ પ્રોડક્ટ બનાવતા હશે કે વેચતા હશે અથવા દિવ્યાંગોના વપરાશ માટે જે પ્રોડક્ટો બનાવતા હશે એમના જ સ્ટોલો હશે. આનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગો પોતે જે પ્રોડક્ટ બનાવે છે કે વેચે છે એમાં વૃદ્ધિ થાય અને લોકો સુધી એની જાણકારી પહોંચે તેમજ વિવિધ પ્રદેશના દિવ્યાંગો એક પ્લેટફોર્મ પર આવે એ છે. આ એક્ઝીબીશન સંપૂર્ણ રીતે ડીસેબલ ફ્રેન્ડલી છે. તા. ૨૭-૨૮-૨૯-૩૦ ઓક્ટોબર-૨૦૧૮ દરમિયાન આયોજીત થનાર છે. વધુ માહિતી માટે ૦૨૬૧-૨૨૯૧૧૨૨, મો. ૭૨૧૧૧ ૭૩૧૨૪ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.

જુલાઈ-૨૦૧૮ના અંકના સૌજન્ય દાતાશ્રી આશા-વિરેન્દ્ર તથા બકુલા ઘાસવાલા - વલસાડ

Book-Post    Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

From :

તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર

મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,

મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨

viklangmitra@yahoo.com

www.viklangmitra.org

To.

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA